# સ્ટાફરૂમમાં શિક્ષકોનું પ્રતિબિંબ દેખાય છે

શાળા-કોલેજ તેના વિવિધ પાસાં કે કોઇએક ચોક્કસ પાસાંથી શોભતી હોય છે, જેવા કે પુસ્તકાલય, પ્રયોગશાળા, ચિત્રખંડ, પ્રાર્થનાખંડ, મેદાન, આચાર્યની ઓફિસ વગેરે. ક્યારેક સાંભળવા મળે છે કે, પેલી શાળા-કોલેજની પ્રયોગશાળા અદ્દ્ભૂત છે, આ શાળા-કોલેજનું પુસ્તકાલય ખૂબ જ સમૃદ્ધ છે, તો વળી પ્રાર્થના કાર્યક્રમ જોવો હોય તો પેલી શાળામાં જાવ. પેલી શાળા મેદાનનો ભરપૂર ઉપયોગ કરે છે વગેરે. અહીં બીજું પણ એક પાસું ઉમેરવા જેવું છે અને તે છે – સ્ટાફરૂમ. શાળાના શૈક્ષણિક વાતાવરણમાં સ્ટાફરૂમની ભૂમિકા મહત્ત્વની છે. શાળા-કોલેજની નીતિ, રીતિની ચર્ચાઓ સ્ટાફરૂમમાં થતી હોય છે અને ક્યારેક ઘડાય છે પણ ત્યાં જ. આમછતાં જુદી જુદી સંસ્થાઓમાં સ્ટાફરૂમનું વાતાવરણ જોઇને આઘાત પણ લાગ્યો છે. બી.એડ્.કોલેજના અધ્યાપકને નાતે ઘણી સંસ્થાઓમાં જવાનું થાય છે, ત્યારે અચૂક સ્ટાફરૂમમાં જઇને થોડો સમય પસાર કરું છું, ત્યાંજ ખ્યાલ આવી જાય છે કે આ સંસ્થા કેવી છે અને તેનું ભવિષ્ય કેટલું ઉજળું છે. ક્યારેક તો સાંભળવા મળે છે કે, આ સંસ્થા ખૂબ જ જૂની સંસ્થા છે. પહેંલા તો અહીં પ્રવેશ મેળવવું વાલી માટે ખૂબ જ અઘરું કામ હતું. એકપણ વર્ગમાં વધારાના એકપણ વિદ્યાર્થીને બેસવાની જગ્યા ન મળે. પણ આજે સંખ્યા ખૂબ જ ઘટી ગઇ છે. ખૂબ જ નબળાં વિદ્યાર્થીઓ આવે છે..... અહીં પ્રશ્ન પૂછવાનું મન થાય કે આવું કેમ બન્યું? આ માટે એક કરતાં વધુ પરિબળો હશે, પણ તેમાં એક પરિબળ ચોક્કસ પણ હશે અને તે છે- જે તે શાળાનો સ્ટાફ. શિક્ષકની કામ કરવાની નિષ્ઠા. ધગશ, નીતિ, રીતિ વગેરે પર સ્ટાફરૂમના વાતાવરણની ખુબ જ મોટી અસર થાય છે. નવા આવેલા કર્મચારીને સ્ટાફરૂમ ઊંચે ચઢાવી શકે છે અને નીચે પણ ફેંકી શકે છે.

હમણાંજ એક શાળાના સ્ટાફરૂમમાં માત્ર દશ જ મિનિટ બેસવાનું થયું. કેટલીક ચર્ચાઓ સાંભળી, ખરેખર તે ન સંભળાવી જોઇએ. સ્ટાફરૂમની ચર્ચાનો મુખ્ય વિષય હતો પૈસાનું રોકાણ શેર બજારમાં કરવું કે જમીનમાં ? બીજા ખૂણામાં બેઠેલા મિત્રોની ચર્ચા હતી કોઇ ચોક્કસ લગ્નપ્રસંગ અંગેની. આવી ચર્ચાઓ માટે આ યોગ્ય સ્થાન નથી. જુદા જુદા સમયે જુદી જુદી શાળામાં સ્ટાફરૂમની ચર્ચાનું વિષયવસ્તુ જુદું જુદું સાંભળવા મળે જ. પણ દુખ:દ બાબત એ છે કે સ્ટાફરૂમમાં સાંભળવા મળતી ચર્ચાનું વિષયવસ્તુ વિશેષત: શિક્ષણ સિવાયનું હોય છે. આવી શાળામાં એકાદ બે મિત્ર એવા પણ હોય છે કે જેમને આવી બાબતોમાં રસ હોતો નથી, પણ તેઓ અટકાવી ન શકનાર બિચારા હોય છે. જેથી તેઓ સ્ટાફરૂમમાં બેસવા કરતાં બહાર બેસવાનું વધારે પસંદ કરે છે. કેટલીક શાળામાં સ્ટાફરૂમનું બારણું બંધ જોયું. પૂછતાં જવાબ મળ્યો કે, અવાજ બહાર આવે નહીં માટે. બાજુમાં જ વિદ્યાર્થીઓનો વર્ગ છે. એનો અર્થ એ થયો કે **સ્ટાફરૂમમાં વધુ પડતો અવાજ કે ઘોંઘાટ થાય છે. તો આ સ્ટાફરૂમમાં બેસતા શિક્ષકો વર્ગખંડમાં અવાજ કરતા વિદ્યાર્થીઓને અવાજબંધ કરવાનું કેવી રીતે કહી શકશે? વર્ગખંડમાં અવાજ કરતા વિદ્યાર્થીઓને ધમકાવનાર આ શિક્ષકોને કોણ ધમકાવશે? શું તેમને વિદ્યાર્થીની જેમ સ્ટાફરૂમ બહાર ઊભા રાખી શકાય? અંગૂઠા પકડાવી શકાય? પાટલી પર ઊભા કરાય? કોઇ વિષયવસ્તું બે-ત્રણ વાર લખવા આપી શકાય? તેમના વાલીને શાળામાં બોલાવી ફરિયાદ કરી શકાય?**

સ્ટાફરૂમ એ તો શાળા અને વર્ગખંડની નીતિ અને રીતિ ઘડનારું અગત્યનું પરિબળ છે. ત્યાં થતી ચર્ચાઓ હકારાત્મક અને શૈક્ષણિક હોવી જોઇએ. સ્ટાફરૂમ એ તો સ્ટાફનો અરિસો છે, જ્યાં સ્ટાફનું

પ્રતિબિંબ દેખાય છે. સ્ટાફરૂમમાં થતી ચર્ચાઓ શિક્ષણ, વાલી, વિદ્યાર્થી, દેશ, રાજ્ય કે સમાજ જેવા વિષયને લઇને હોવી જોઇએ. સ્ટાફરૂમ એવો હોવો જોઇએ કે જ્યાં શિક્ષક માત્ર ફ્રેશ જ નહીં, રિફ્રેશ પણ થવો જોઇએ. વિદ્યાર્થી અને વાલી હસતાં આવે અને હસતાં જાય. જ્યાં ઘાંટાઘાટીને કોઇ જ સ્થાન ન હોય. કેટલાક શિક્ષકો સ્ટાફરૂમમાં વાંચવાનું પસંદ કરતા હોય છે, પણ તેમને વાંચવા માટેનું વાતાવરણ મળતું નથી. અમદાવાદની એક પ્રતિષ્ઠિત શાળાની મુલાકાતે આવેલ શિક્ષણ અધિકારીએ સ્ટાફરૂમમાં  શિક્ષકોને દૈનિકપત્રો અને સામાયિકો વાંચતા જોયા. તેમણે સૂચન કર્યું કે, દૈનિકપત્રો અને સામાયિકો પુસ્તકાલયમાં જ રાખો, શિક્ષકો ત્યાં જઇને વાંચશે. તેમના સૂચન પાછળનો હેતુ હતો- શિક્ષક સ્ટાફરૂમમાં પોતાના વિષયને લગતાં સંદર્ભ સાહિત્યનું વાંચન કરે અને અન્ય વાંચન ભલેને પુસ્તકાલયમાં જઇને કરે. પરિણામ એ આવ્યું કે શિક્ષકો વધારાનું વાંચન કરતા પણ બંધ થઇ ગયા. આમપણ સ્ટાફરૂમમાં અન્ય વિષયોની ચર્ચા અટકાવવી હોય તો શિક્ષકોને રસ પડે તેવા વાંચન સાહિત્યને પ્રવેશ કરવા દો. આપોઆપ ટોળટપ્પા-ગપ્પા કે ફાલતુ વાતો ઓછી થઇ જશે. શિક્ષકોને વાંચવામાં વધુ રસ પડે પછી સાહિત્યમાં ફેરફાર કરીને વધુ ઉપયોગી સાહિત્ય મૂકી શકાય. શિક્ષકને પ્રથમ વાંચતો કરો, પછી તેને યોગ્ય વાંચન તરફ વાળો. આમ થવાથી વર્ગખંડમાં થતી ચર્ચાના વિષયવસ્તુમાં હકારાત્મક ફેરફાર જોવા મળશે. સ્ટાફરૂમમાં થતી ચર્ચાથી શિક્ષક ઘણું ઘણું શીખે છે અને શીખવાડે છે. શિક્ષક જેટલું વાંચીને શીખે છે તેના કરતાં સાંભળીને વધુ શીખે છે. જેથી સ્ટાફરૂમમાં ચર્ચા બંધ નથી કરવી, પણ તેના વિષયવસ્તુંમાં ફેરફાર કરવાની જરૂર છે. સ્ટાફરૂમ એ શિક્ષકનું બીજું ઘર ગણી શકાય. આ એક એવી જગ્યા છે કે જ્યાં શિક્ષક તેના ઘર પછી સૌથી વધુ સમય અહીં ગાળે છે. ઘરમાં થતી ચર્ચાઓ માટે જેટલો આદર રાખવામાં આવે છે, તેટલોજ આદર સ્ટાફરૂમમાં થતી ચર્ચા માટે હોવો જોઇએ. ઘરને  સુંદર અને સ્વચ્છ રાખવા જેટલો પ્રયત્ન કરવામાં આવે છે તેનાથી અડધો પ્રયત્ન સ્ટાફરૂમ માટે કરવામાં આવે તો પણ ઘણું ઘણું કહેવાય. સ્ટાફરૂમમાં આવતો પંખાનો અવાજ કે ગંદી પાણીની માટલી પણ શિક્ષકના શૈક્ષણિકકાર્ય પર અસર કરી શકે છે એ બાબત આચાર્ય અને સંચાલકે પણ સમજવી જોઇએ. ટૂંકમાં સ્ટાફરૂમ એક એવી જગ્યા છે કે જેની અસર શાળા-કોલેજના શૈક્ષણિક અને ભાવાવરણ પર થાય છે. સ્ટાફરૂમના મહત્ત્વને શિક્ષકો, આચાર્ય અને સંચાલકો સ્વીકારીને જરૂર જણાય તેવા ફેરફાર કરે તેવી અપેક્ષા સહ.......